# નવનીત સમર્પણ

GUJARATI MONTHLY DIGEST

Tel. Nos.: 363 12 61 / 363 44 62 • Fax 363 00 58 • GRAMS : BHAVIDYA

BHARATIYA VIDYA BHAVAN, Kulapati K.M. Munshi Marg, Chowpatty, Bombay 400 007.


તા. ૨૬/૦૭/૦૬

આદરણીય શ્રી રતિલાલભાઈ,

ગુજરાતી લેક્સિકોનનું આપનું કાર્ય ખરેખર તો ગુજરાતીને વૈશ્વિક કરવાનું કાર્ય છે. ગુજરાતમાં અને ગુજરાત બહારના આપણાં ભાઈ-બહેનો હવે માતૃભાષામાં સંવાદ સાધી શકશે. આ કાર્યની નોંધ 'નવનીત સમર્પણ'માં આવવી જ જોઈએ અને એટલે જ આવી છે. આપને અનેક અભિનંદન. વળી એ છપાયા બાદ અમે તા. ૭/૭/૦૬ના રોજ આભારપત્ર પણ મોકલ્યો આપની ટૂંકી નોંધ સાથે. આભાર. ભવનના લંડન કેન્દ્ર માટે તમે જે કાર્ય કર્યું છે તે અહીં અમારા ઉપરીઓ ખૂબ આદર સાથે વધાવે છે. ખાસ તો એસ.એન. દસ્તૂર આપને ખૂબ સ્નેહપૂર્વક યાદ કરે છે.

વળી આજે જ 'ગુજરાતીલેક્સિકોન.કોમ'ની સીડી આપના તરફથી ભેટ મળી છે તેનો આનંદ સ્વીકાર કરતાં આભારની લાગણી વ્યક્ત કરું છું. શબ્દો, અર્થો, પર્યાયોનો જાણે સુલભ બનાવો! અને એ સુધ્ધાં આંગળીને ટેરવે! અદ્ભુત! આ પરિષદો અને અકાદમીઓના સ્તરનું કાર્ય તમે એકલે હાથે કઈ રીતે કર્યું હશે?

'ઉત્કર્ષ' ઓપરેટિંગ સિસ્ટમ કઈ રીતે કામ કરે છે તે પણ હું આપને ફોન કરીને જાણી લઈશ.

જીવન સાર્થક થાય એવું આ પુણ્યકાર્ય તમે કર્યું છે. મારી દૃષ્ટિએ તો આ ઈ-તીર્થ જ છે! કુશળ રહેશો.

અત્યંત સ્નેહાદરસહ

દીપક દોશીનાં વંદન